ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓનાં અમલીકરણની કામગીરી અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામકને સોંપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩-૧૦-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1

(૪) મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૨૯-૧૨-૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ બિનિ/વહટ/૨૦૨૩-૨૪/૫૩૯૧

**<u>પ્રસ્તાવના:</u>**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના તા.૩૦-૦૯-૨૦૧૭નાં ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ ઠરાવથી નિગમના વિવિધ ઉદ્દેશોમાં બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમે યોજનાઓ બનાવી તેનો અમલ કરવાનો રહે છે. જે માટે આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ધિરાણ યોજનાઓ જેવી કે, વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વ-રોજગારલક્ષી લોન યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) સામેનાં તા.૧૩-૧૦-૨૦૨૩નાં ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓનાં અમલીકરણની કામગીરી અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક) ને સોંપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૪) સામેનાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનાં તા.૨૯-૧૨-૨૦૨૩નાં પત્રથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓના અમલીકરણ માટે ૩૩ જિલ્લા ખાતેનાં અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક)ને નિગમ વતી જિલ્લા કક્ષાએ ક્ષેત્રીય કામગીરી માટે હોદ્દાની રૂએ Ex-officio જિલ્લા મેનેજર જાહેર કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાને અંતે વિભાગનાં તા.૧૩-૧૦-૨૦૨૩નાં ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1માં નીચે મુજબની શરત નં. ૫ ઉમેરવામાં આવે છે.

**૫. રાજ્યનાં ૩૩ જિલ્લાઓ ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ ફરજ બજાવતા જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક.)ને ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રીય કામગીરી માટે**

**હોદ્દાની રૂએ Ex-officio જિલ્લા મેનેજર જાહેર કરવામાં આવે છે.**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ(૩) પરના ઠરાવની તમામ જોગવાઇ/શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ની તા.૦૫-૦૧-૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KETANKUMAR ADHELABHAI DAMOR
Location: Sachivalay, Gandhinagar
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 05-Jan-2024 (06:17 PM)

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, (નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી (અ/જ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ